## નિબંધ - ૧

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી : અબુધાબી હિન્દુ મંદિરની ઉદ્‌ઘોષણા

# Prime Minister Shri Narendrabhai Modi: Inauguration of Abu Dhabi Hindu Mandir

તા. ૧૧-૨-૨૦૧૮, રવિવારનો દિવસ યુ.એ.ઈ.ના ઇતિહાસમાં સદાને માટે અમર બની ગયો.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં 'મિલેનિયલ મોમેન્ટ' એટલે કે સહસ્રાબ્દીની એક સદા સ્મરણીય ક્ષણનો મહોત્સવ યોજાઈ ગયો. એ ક્ષણ એટલે યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબી ખાતે સર્વપ્રથમ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ઉદ્‌ઘોષણા અને તેના વૈદિક શિલાપૂજનનો અવસર.

બે સ્થળે સમાંતરપણે આ અણમોલ અવસર યોજાઈ ગયો. પ્રથમ સ્થળ હતું – દુબઈનો જગવિખ્યાત ઓપેરા સભાગૃહ, જ્યાં માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યુ.એ.ઈ.ના ૧૮૦૦થી વધારે ભારતીય ધુરંધર અગ્રણીઓ આ ક્ષણને ઊજવવા એકત્રિત થયા હતા. બીજી તરફ સમાંતરપણે, યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા અબુધાબી ખાતે દાનરૂપે આપવામાં આવેલી વિશાળ ભૂમિ પર મંદિરના શિલાપૂજન અને ભૂમિપૂજનનો વેદોક્ત વિધિ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતો-હરિભક્તોના વિશાળ સમુદાય વચ્ચે ચાલી રહ્યો હતો. આ બંને સમાંતર અવસરોની એક ઝાંખી મેળવીએ.

**ઓપેરા હાઉસ ખાતે ભવ્ય સમારોહ**

ભારતીય રાજદૂતાવાસ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિખ્યાત ઓપેરા હાઉસ ખાતે યોજાયેલો આ સમારોહ યુ.એ.ઈ.ના ઇતિહાસના એક અજોડ અને અપૂર્વ સુવર્ણ પૃષ્ઠ સમાન બની રહ્યો.

તા. ૧૧ ફેબ્રુઆરીની સવારે સમૃદ્ધિ અને પ્રતિષ્ઠાની ટોચે બેઠેલા ભારતીયો અહીં એક ગૌરવની લાગણી સાથે ઊમટી રહ્યા હતા. ૩૦૦થી વધુ તાલીમબદ્ધ બી.એ.પી.એસ. સ્વયંસેવકોની ટીમે સૌ માટે અદ્‌ભુત વ્યવસ્થા કરી હતી. આ તમામ સ્વયંસેવકોએ ૧૮૦૦થી વધુ આમંત્રિત મહાનુભાવોને ઘરોઘર જઈને આમંત્રણ પત્રિકા પાઠવી હતી તેનાથી પ્રભાવિત થયેલા મહાનુભાવો અહીં પણ સ્વયંસેવકોની વ્યવસ્થાથી વિશેષ અભિભૂત બન્યા હતા.

આજના આ અવસરનું એક અનોખું સાંસ્કૃતિક અને વૈશ્વિક મહત્ત્વ સૌનાં હૈયે છવાયું હતું. અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણનો આરંભ, એ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યો તેમજ વૈશ્વિક સંવાદિતાનો એક મજબૂત અને સંગીન સંદેશ બની રહ્યો છે. ખાસ કરીને એકવીસમી શતાબ્દીમાં વિશ્વ જ્યારે સ્વાર્થી કારણોને લીધે ટુકડા ટુકડામાં ખંડિત થઈ રહ્યું છે, ત્યારે આવું ઉદાત્ત પગલું અનેકતામાં એકતાની આશાને ઉજ્જવળ બનાવે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ ઉપરાંત અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શ્રી શેખ મહોમ્મદ બિન ઝાયેદ અલ નહ્‌યાન, ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા બંને દેશોના લોકોની સંવાદિતા પ્રત્યેની કટિબદ્ધતાનું આ પરિણામ રહ્યું છે.

સન ૨૦૧૫માં ભારતના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી અબુધાબી ખાતે આવ્યા ત્યારે અહીંના ક્રાઉન પ્રિન્સ સમક્ષ આ દેશમાં મંદિરની રચના થાય તે માટેની સૌની લાગણીને અભિવ્યક્ત કરી હતી. પરિણામે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તથા અહીં વસતા તમામ હિન્દુઓના સતત પ્રયાસોને કારણે આખરે એ મંદિરનું નિર્માણ સંભવિત બન્યું. બંને દેશોની સરકારો વચ્ચે સંમતિ સધાઈ, અબુધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા ૨૦,૦૦૦ ચો.મી.ની વિશાળ ભૂમિનું દાન કરાયું. આ ભૂમિ પર યુ.એ.ઈ.ના આ પ્રથમ પરંપરાગત શૈલીના હિન્દુ મંદિરની ડિઝાઇન, તેનું નિર્માણ અને તેના સંચાલન માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને પસંદ કરવામાં આવી. ભારત અને વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલાં બી.એ.પી.એસ.નાં ભવ્ય અક્ષરધામ તેમજ ૧૨૦૦ કરતાં વધુ મંદિરો પૈકી કેટલાંય મંદિરોને આર્ટ અને આર્કિટેક્ચર, સૌંદર્ય અને કૌશલ્ય, સામાજિક કાર્યો અને પર્યાવરણીય બાબતોને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ર્સથી નવાજવામાં આવ્યાં છે. મધ્યપૂર્વના આરબ દેશોમાં રચાઈ રહેલું પથ્થરમાંથી નિર્મિત આ સર્વપ્રથમ મંદિર પણ અનેક દૃષ્ટિકોણથી એક અદ્વિતીય અને અનોખું મંદિર બની રહેશે.

દુબઈ-અબુધાબી હાઈવે પર અબુ મુરૈકાહ ખાતે રચાઈ રહેલું આ મંદિર, એક મંદિર તરીકેનાં તમામ પાસાંઓને આવરી લેશે એટલું જ નહીં, તે એક પૂર્ણ અર્થમાં સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક પરિસર બનશે. વિઝિટર સેન્ટર, પ્રાર્થના ખંડો, પ્રેરક પ્રદર્શનો, મૂલ્યો શીખવતા ખંડો, બાળકો અને યુવાનો માટે સ્પોર્ટ્સ્ સુવિધાઓ, થિમેટિક બગીચાઓ, જળસંસાધનો, આહારસુવિધાઓ, બુકસ્ટોલ વગેરે સાથેનું આ મંદિર બધી જ માન્યતા અને ભૂમિકાવાળા તમામ લોકો માટે ખુલ્લું રહેશે. ધર્મ અને જાતિના ભેદભાવોથી પર આ મંદિર યુ.એ.ઈ.ના પ્રેમ, સહિષ્ણુતા, સંવાદિતા તથા શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના ઉદાત્ત હેતુઓને સાર્થક કરશે. આ મંદિર યુ.એ.ઈ. ખાતે રહેતા ૩૩ લાખથી વધુ ભારતીયો અને પ્રવાસી તરીકે આવતા અનેક લોકોને આંતરધર્મીય સંવાદ, પ્લુરલિઝમ અને વૈશ્વિક માનવીય મૂલ્યોની પ્રેરણા આપશે. આ ઉપરાંત, બાળકો તથા આવનારી અનેક પેઢીઓને આ મંદિર ઉજ્જ્વળ ભાવિની દિશા ચીંધશે.

એટલે જ આજના સમારોહમાં ઊમટતા ભારતીયોનો ઉમંગ અનોખો હતો. અને એટલે જ આ મંદિરને સમગ્ર રાષ્ટ્ર વતી સમર્થન આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આધુનિકતમ સંરચના ધરાવતા સમૃદ્ધ અને ખીચોખીચ ભરાયેલા વિશાળ ઓપેરા હાઉસના મંચ પરનો પડદો ઊંચકાયો એ સાથે જ શ્રી નરેન્દ્રભાઈનું આગમન મંચ પર થયું ત્યારે તાળીઓના ગડગડાટ વચ્ચે સૌએ સ્ટેન્ડિંગ ઓવેશન સાથે તેમનું અદ્‌ભુત અભિવાદન કર્યું.

રાષ્ટ્રગીતના ગાન બાદ ભારતીય રાજદૂત શ્રી નવદીપસિંઘ સુરીએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમનને વધાવીને આજના અવસરની ભૂમિકા બાંધી હતી.

ત્યારબાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આજના મિલેનિયલ મોમેન્ટને ઉજાગર કરતો એક વિશિષ્ટ વીડિયો પ્રસ્તુત થયો. આ પ્રસ્તુતિ દરમ્યાન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની છબી મંચની પિછવાઈના વિશાળ સ્ક્રીન પર દૃશ્યમાન થઈ ત્યારે એક સાથે સૌએ તાળીઓના ગડગડાટ સાથે તેઓની વંદના કરી હતી. આ વીડિયોના ઉત્તરાર્ધમાં મંદિરની ભૂમિ પર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં થઈ રહેલી વેદોક્ત શિલાપૂજન વિધિનું જીવંત પ્રસારણ થયું.

પ્રવક્તાએ તેની સાથે અનુસંધાન જોડતાં કહ્યું કે ‘આજે આપણે એક શિલાનું પૂજન નિહાળ્યું, પરંતુ થોડા જ સમયમાં આપણે એવી અનેક શિલાઓમાંથી ઉદ્‌ભવતી કલાકૌશલ્યની અદ્‌ભુત કૃતિ સમાન હિન્દુ મંદિરને નિહાળીશું. આવો, એ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની પ્રતિકૃતિને અનાવૃત્ત કરીએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે.’

અને એ ઘોષણા સાથે જ અખાતી દેશોના પ્રતીક રૂપે ખજૂરીઓનાં પર્ણો વચ્ચે આવૃત્ત એક વિશિષ્ટ લઘુરથ મંચ પર આવ્યો. શ્રી નરેન્દ્રભાઈએ રિમોટ કંટ્રોલની સ્વિચ દબાવી તે સાથે ખજૂરીનાં પર્ણો ખૂલી ગયાં અને વચ્ચે કલામંડિત મંદિરની પ્રતિકૃતિ ઊભરી આવી. સૌએ જયનાદો અને તાળીઓથી આ ક્ષણને વધાવી લીધી. દૂરદર્શન દ્વારા વિશ્વભરમાં ચાલી રહેલા જીવંત પ્રસારણ દ્વારા આજના આ અવસરે દુનિયાભરમાં ફેલાયેલા ભારતીયો અને અન્ય અનેક દેશોના નાગરિકો પણ આજના પ્રસંગમાં દૂર રહ્યાં થકા શામેલ થયા હતા.

એ વિરાટ સમુદાયને સંબોધતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ‘કદાચ કેટલાય દશકો પછી ભારત અને અખાતી દેશો વચ્ચે આવો ઊંડો અને વાઇબ્રન્ટ સંબંધ બંધાયો છે. અખાતી દેશોના ૩૦ લાખથી વધુ ભારતીયો અહીંની વિકાસયાત્રામાં

ભાગીદાર બન્યા છે. અખાતી દેશોના શાસકોએ અહીં ભારતીયોને પોતાના બીજા ઘર જેવું ઉત્તમ વાતાવરણ પૂરું પાડ્યું છે, તે બદલ હું તેમનો આભારી છું. જ્યારે ૨૦૧૫માં અબુધાબીના ક્રાઉન પ્રિન્સને મળવાનું થયું ત્યારે તેમણે આ મંદિરની વાતને આગળ ધપાવી હતી. હું સવા સો કરોડ ભારતીયો વતી તેમનો આભાર વ્યક્ત કરું છું. આ મંદિરનું નિર્માણ સદ્‌ભાવનાના સેતુ પર થઈ રહ્યું છે. મંદિર માનવતા અને સંવાદિતાનું એક માધ્યમ અને ઉદ્દીપક છે. સ્થાપત્યની દૃષ્ટિએ, આધુનિક ટેકનોલોજીની દૃષ્ટિએ, મેસેજિંગની દૃષ્ટિએ આ મંદિર અનોખું જ બનશે, ભારતની આગવી ઓળખ બનશે. અહીંના શાસકોએ ભારત પ્રત્યે સન્માન દર્શાવ્યું છે અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાનું ગૌરવ કર્યું છે ત્યારે આપણાથી કોઈ ચૂક રહી ન જાય તે જોવાની આપણી જવાબદારી છે.'

તેમના એ વ્યાખ્યાનની પૂર્ણાહુતિ સાથે જ સૌએ પુનઃ સ્ટેન્ડિંગ ઓવેશન સાથે તેમનું અભિવાદન કર્યું હતું.

અરબસ્તાનની મરુભૂમિ પર એક દિવ્ય સ્વપ્નને સાકાર થઈ રહેલું નીરખીને હજારો ભારતીયો ગૌરવાન્વિત બન્યા હતા. આ મંદિરના સંકલ્પનું બીજ વાવનારા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ તથા તેને સાકાર કરનારા તેમના અનુગામી મહંત સ્વામી મહારાજનાં ચરણે સૌએ ભાવવંદના કરી હતી.

### મંદિરની ભૂમિ પર શિલાપૂજન સમારોહ

એક તરફ દુબઈમાં ઓપેરા હાઉસ ખાતે ઉપરોક્ત દબદબાપૂર્ણ સમારોહની ગતિવિધિઓ ચાલી રહી હતી, તો બીજી તરફ મંદિરની ભૂમિ પર પણ વેદોક્ત શિલાપૂજનનો અદ્‌ભુત અને અપૂર્વ માહોલ જામ્યો હતો.

બરાબર સવારે ૮-૩૦ વાગ્યે વિશાળ પંડાલમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય સંતો, દેશ-વિદેશમાંથી ઊમટેલા અગ્રણી હરિભક્તોની ઉપસ્થિતિમાં વેદોક્ત શિલાપૂજન વિધિ આરંભાઈ ગયો. આ પ્રસંગે પ્રસિદ્ધ ધર્મગુરુ અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - ધરમપુરના યુવાન ધર્માચાર્ય પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લા કેટલાય દિવસોથી આ ઉત્સવની તૈયારીઓ ચાલી રહી હતી. ચોતરફ ફેલાયેલી મરુભૂમિ વચ્ચે આવેલી જમીનને સમથળ કરીને તેના પર પાર્કિંગની સુંદર સુવિધાઓ સહિત એક વિશાળ પંડાલ રચવામાં આવ્યો હતો. ૪૦૦થી વધુ સ્વયંસેવકોએ સંતોના માર્ગદર્શન મુજબ ભોજનથી લઈને પાર્કિંગ સુધીની તમામ વ્યવસ્થાઓ ખૂબ સુંદર રીતે સજાવી હતી. ઉપસ્થિત થનાર સર્વે આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોને અક્ષત-કુમકુમ અને કંકણબંધનથી સત્કારીને શિલાપૂજન વિધિમાં જોડવામાં આવ્યા.

સંસ્થાના પુરોહિત શ્રી મૂકેશભાઈ શાસ્ત્રીએ વેદોક્ત વિધિ કરાવ્યો. તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ ગોંડલ ખાતે મહાન તીર્થ અક્ષરદેરી ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પૂજેલી શિલાઓને મંચ પર સ્થાપવામાં આવી હતી. શિલાપૂજન વિધિ બાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સંબોધન કરતાં જણાવ્યું કે 'આજે આ ક્ષણ અત્યંત દિવ્ય અને પવિત્ર ક્ષણ છે. કારણ કે યુ.એ.ઈ.ના અબુધાબી શહેરમાં આજે હિન્દુ મંદિરના નિર્માણનો ઐતિહાસિક આરંભ થઈ રહ્યો છે. આ મંદિર સૌનું છે. આ દેશમાં રહેનારા તમામ ભારતીયો માટેનું આ મંદિર છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જે મંદિરો બનાવ્યા છે તે નવધા ભક્તિ માટે બનાવ્યા છે. અહીં એ નવધા ભક્તિ થશે, સાથે સાથે ભારતીય પરંપરા મુજબ જન્માષ્ટમી, રામનવમી, સ્વામિનારાયણ જયંતી, શિવરાત્રી જેવા પણ ઉત્સવો યોજાશે. અહીં હિન્દુ ધર્મના મહાન ધર્માચાર્યોનો સત્સંગ લાભ પણ મળશે. અહીં વસતા ભારતીયોની નવી પેઢીના બાળકો- યુવાનોને સંસ્કાર પ્રાપ્ત થાય તે માટે પણ આ મંદિર અત્યંત આવશ્યક ભૂમિકા પૂરી પાડશે. આ પ્રસંગે આ મંદિરની ભૂમિનું દાન આપનારા અબુધાબીના રાજવી તેમજ તમામ અધિકારીઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ભગવાનને આપણે પ્રાર્થના કરીએ કે અહીંના રાજ પરિવાર અને અધિકારીઓ પર તેઓ ખૂબ આશીર્વાદ વરસાવે.'

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરીને સંબોધન કરતાં પૂજ્ય શ્રી રાકેશભાઈએ આ ઐતિહાસિક ક્ષણને સાકાર કરવામાં સેવા આપનારા સ્વયંસેવકોને અભિનંદન આપ્યાં હતાં. તેમણે જણાવ્યું કે 'મંદિરની કેટલી તાકાત છે! અહીં મંદિરને કારણે એક વિસ્ફોટ થાય છે, પરંતુ એ વિસ્ફોટ શાંતિ, પ્રેમ, મૈત્રી, કરુણાનો. સાચો ધર્મ પરસ્પર સ્નેહ પ્રસરાવે છે.' સંતો સાથે વાર્તાલાપમાં વારંવાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું સ્મરણ કરીને અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્માણ પામનારા મંદિરને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

છેલ્લાં ૨૦ વર્ષોથી અહીં નિયમિત સત્સંગપ્રવાસ કરીને બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહેલા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આભારવિધિ કરી હતી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરતાં તેમણે કહ્યું કે

‘યુ.એ.ઈ.ના આ હિન્દુ મંદિરની ડિઝાઈન, તેના નિર્માણ અને તેના સંચાલન માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને પસંદ કરવામાં આવી, તે બદલ સંસ્થા યુ.એ.ઈ.ના શાસકો તથા ભારત સરકાર પ્રત્યે વિનમ્રભાવે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. અહીં મંદિર થાય અને સૌ ભક્તિ કરી શકે તે માટે પ્રમુખસ્વામી મહારાજ સતત પ્રેરણાનો સ્રોત બની રહ્યા હતા. તેમણે સૌને ખૂબ પ્રેરણા આપીને ઉત્સાહિત કર્યા હતા. તેના કારણે આજે આ ક્ષણ આપણી સમક્ષ આવી છે. આ મંદિર સમગ્ર વિશ્વને સંવાદિતાનો સંદેશ આપે છે.’ એમ કહીને તેમણે યુ.એ.ઈ.નાં સાતેય રજવાડાંઓના રાજપરિવારો ઉપરાંત સન્માનીય ક્રાઉન પ્રિન્સ શેખ શ્રી મહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને સન્માનીય શેખ ઝાયેદનો ખૂબ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આજે અહીં ઊમટેલા ભારતીયોના હૃદયમાં અપાર આનંદ છવાયો હતો. પ્રત્યેકના હૃદયમાં ઉજ્જ્વળ આશાની હરિયાળી છવાઈ રહી હતી.

## નિબંધ - ૨

# સ્નેહ-સમજણ-એકતાનું વાવેતર : ઘરસભા

# Sowing of Affection–Understanding–Unity: Ghar Sabha

૧૯૯૮, ન્યૂયોર્કમાં પ્રમુખસ્વામી મહારાજના નિવાસસ્થાને એક ફોન આવ્યો.
ફોન અમેરિકાવાસી એક તરુણનો હતો.
એક સંતે ૧૭-૧૮ વર્ષના એ તરુણનો ફોન ઉપાડ્યો, તેણે કહ્યુંઃ
'સ્વામી! હું સ્વામીશ્રીનાં દર્શને નથી આવી શકતો, પણ આજે આ મારો છેલ્લો ફોન છે !'
સંતે આઘાતના આંચકા સાથે પૂછ્યુંઃ 'દોસ્ત! છે શું? તું રડે છે શા માટે? આ છેલ્લો ફોન એટલે શું?'
તેણે કહ્યું: 'આજે મારે આપઘાત કરવો છે !'
અને તે સંતે શીઘ્રતાથી ચક્રો ગતિમાન કર્યાં. આગ્રહ કરીને તેને પ્રમુખસ્વામી મહારાજ પાસે બોલાવી લીધો.
હૃદયની બાયપાસ સર્જરી પછી માંદગીના બિછાનેથી, પ્રમુખસ્વામી મહારાજે તે કિશોરને
પાસે બેસાડી, હાથમાં હાથ લઈ તેને પ્રેમથી સાંભળ્યો, તેણે પોતાનું હૈયું ઠાલવી દીધું.
સ્વામીશ્રીએ ખૂબ બળ આપ્યું, જીવવાનું સાચું માર્ગદર્શન આપ્યું અને પ્રેમથી આશીર્વાદ આપતાં કહ્યું:
'હવે બળ રાખજે, કાંઈ થયું જ નથી, એમ માનવું. શ્રીજીમહારાજ તારી સાથે જ છે !'
અને એ કિશોર ઘરે પહોંચ્યો ત્યારે એના હૈયે હતાશાને બદલે આશાનો સૂર્યોદય થઈ ચૂક્યો હતો.
આજે એ એક તરવરિયા નવયુવાન તરીકે અનેક દિશાઓમાં સફળતા મેળવી ચૂક્યો છે.
પ્રમુખસ્વામી મહારાજે આવા અસંખ્ય હતાશ લોકોને ઉગારવાનો માર્ગ ચીંધ્યો છે, આધ્યાત્મિકતા દ્વારા.
આજે અપાર ગતિથી અસંતુલિત થતી સમાજ-વ્યવસ્થાને આધ્યાત્મિક નિયંત્રણની જરૂર છે.
મહત્ત્વાકાંક્ષાની દોડમાં મૂલ્યનિષ્ઠા આજે જાણે છેલ્લા શ્વાસ ઘૂંટી રહી છે, અધ્યાત્મ વીસરાતું રહ્યું છે,
એટલે જ જાત પરનો વિશ્વાસ ઊઠવા લાગ્યો છે અને આત્મહત્યા કે હત્યાનો સિલસિલો વધતો રહ્યો છે.
પ્રત્યેક પરિવારમાં અધ્યાત્મની પુનઃ પ્રતિષ્ઠાનો હવે સમય પાકી ગયો છે.
પરંતુ છે તેનો કોઈ અકસીર ઉપાય? શાસ્ત્રો કહે છે : મહાજનો યેન ગતઃ સ પન્થાઃ!
એટલે કે મહાપુરુષોએ ચીંધેલા માર્ગને પકડી રાખો, તેને જ અનુસરો!
એવા મહાન સંતનું માર્ગદર્શન જીવતરની સેંકડો સમસ્યાઓ સામે ઝઝૂમી લેવાની ઊર્જા પૂરી શકે છે.
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એવો અદ્‌ભુત ઈલાજ ચીંધ્યો છેઃ ઘરસભા.
સ્વામીશ્રીએ વહેતા કરેલા ઘરસભાના એ અમૃતચક્રે હજારો કુટુંબોને

અશાંતિના દાવાનળમાંથી ઉગારી લીધાં છે.
આજે એક તરફ અસંખ્ય પરિવારો છિન્નભિન્ન થઈ રહ્યાં છે,
કુટુંબો પરસ્પર વિગ્રહની આગમાં ભડકે બળી રહ્યાં છે,
ત્યારે બીજી તરફ હજારો કુટુંબો એવાં પણ છે કે જે પ્રમુખસ્વામી મહારાજે આપેલા
ઘરસભાના ઈલાજનો શ્રેષ્ઠ લાભ માણી રહ્યાં છે, સુખ અને શાંતિ અનુભવી રહ્યાં છે.
તેનું સૌથી મોટું કારણ એ છે કે નિયમિત ઘરસભાને કારણે એ હજારો પરિવારોમાં
પરસ્પર સ્નેહ, સંજોગો કે બીજાને સમજવાની વૃત્તિ અને એકતાની ભાવના વિકસી છે.
સ્વામીશ્રીએ ચીંધેલી ઘરસભા દ્વારા અસંખ્ય પરિવારોમાં વિગ્રહ અને વિચ્છેદ અટક્યા છે,
તેને બદલે પરસ્પર સહયોગ અને જતું કરવાની વૃત્તિ વિકસી છે.
અહીં એવા કેટલાક પરિવારોની સ્વાનુભવની કથા પ્રસ્તુત છે,
જે ઘરસભાના દિવ્ય વરદાનની અદ્ભુત ગાથા ગાય છે...

**નવી રોશની આવી**
**– અજિતભાઈ ગમાર, તુવેર (પોશીના)**

પરિવાર હોય એટલે નાનો-મોટો કંકાસ હોય. એવા પારિવારિક કંકાસનો ભોગ અમે પણ બન્યાં હતાં. અણસમજણને કારણે ઘરમાં અરસપરસ ખૂબ જ ઝઘડા થતા હતા, અમે સૌ ઝઘડાને કારણે એકબીજાથી ત્રાસી ગયા હતા.

પરંતુ આજે અમારાં સૌનાં જીવનમાં પરિવર્તન આવ્યું છે. તેનું કારણ - પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અમે શરૂ કરેલી ઘરસભા જ છે. જ્યારથી ઘરસભા ચાલુ કરી છે ત્યારથી ઘરમાં શાંતિ થઈ ગઈ છે. એક સમય એવો હતો કે અમારા ઘરમાં કોઈ ભેગાં બેસે જ નહીં, પરંતુ ઘરસભા કરવાથી આજે બધાં ભેગાં બેસવા લાગ્યાં છે. અમારા ઘરનાં નાનાં બાળકો પણ સારી રીતે અભ્યાસ કરે છે. અમે આજુબાજુનાં બાળકોને પણ અમારી ઘરસભામાં બોલાવીએ છીએ, તેમને પણ તેમાં આનંદ આવે છે. એમને અભ્યાસ વિષે વાત કરું છું. મારાં માતા-પિતા સત્સંગી થાય એવું હતું જ નહીં. પરંતુ ઘરસભા ચાલુ કરવાથી હવે તેઓ સત્સંગમાં આવે છે.

અમારા પરિવારમાં ભણતર ખૂબ ઓછું. કોઈને ભણતરનું મહત્ત્વ નહીં. મને ભણાવે એવું કોઈ હતું જ નહીં, પણ ઘરસભા ચાલુ થઈ ત્યારથી મારાં માતા-પિતા મને ભણવામાં પણ સાથ પ્રોત્સાહન આપતાં થયાં છે. ઘરસભા કરવાથી મારાં માતા-પિતાનાં વ્યસન પણ દૂર થયાં છે. ઘરસભાએ અમારા ઘરમાં નવી રોશની લાવી દીધી છે. ●

**અમારું સંપેલું કુટુંબ**
**– ગણેશભાઈ રમેશભાઈ પટેલ, ઝારી કુંડી, સેલવાસ**

આમ તો અમે ૧૨-૧૫ વર્ષથી સત્સંગી છીએ, પરંતુ અમે ઘરસભા કરતાં નહોતાં. એક દિવસ અમારા ગામમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા 'સ્વામીના પગલે પગલે' અભિયાન અંતર્ગત યુવકો દ્વારા સંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. એ જ સમયગાળામાં મારાં લગ્ન થયાં હતાં અને અમારા ઘરનો માહોલ થોડો બગડ્યો હતો. મારાં માતા અને પત્નીના ઝઘડા થવાની શરૂઆત થઈ ગઈ હતી.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ સાસુ-વહુના ઝઘડા વધતા જ ગયા. હું આ ઝઘડા બાબતે મારાં માતાને કે પત્નીને કાંઈ નહોતો કહી શકતો. ઘરમાં વાતાવરણ તંગ થઈ ગયું હતું એટલે અમે એવો નિર્ણય લીધો કે આપણે હવે માતા-પિતાથી અલગ જ રહીશું. એ જ સમયગાળા દરમ્યાન યુવકો અમારે ત્યાં આવ્યા હતા. તેમણે અમને પૂછ્યું કે તમે ઘરસભા કરો છો? એમ કહીને તેમણે ઘરસભા કરવાથી આપણા ઘરના પ્રશ્નો દૂર થાય છે એ સમજાવ્યું. તેમણે ઘરસભાથી થયેલા લાભના બે-ત્રણ પ્રસંગો પણ કહ્યા અને જણાવ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજે ઘરસભા કરવાની આજ્ઞા કરી છે. એ ઘરસભા કરવાથી તમારા ઘરના

અનેક પ્રશ્નોનું નિરાકરણ આવી જશે.'

આ વાત સાંભળીને અમે વિચાર કર્યો કે ઘરના પ્રશ્નોના સમાધાન માટે આપણે ઘરસભા શરૂ કરીએ.

શરૂઆતમાં તો હું અને મારો ભાઈ જ ઘરસભામાં બેસતા હતા. ત્યારબાદ મારાં માતા-પિતા, પત્ની ઘરસભામાં બેસતાં થયાં. જેમ જેમ ઘરના તમામ સભ્યો બેસતાં થયાં તેમ તેમ પરિવર્તન આવતું ગયું. ઘરસભામાં વાંચનમાં સ્વામીની વાતો, વચનામૃત, ઘરસભાની પુસ્તિકા વગેરેનું વાંચન કરીએ તેમાં પ્રસંગ આવે કે ઘરમાં કેવું જીવન જીવવું જોઈએ. એ બધા પ્રસંગો જેમ જેમ સાંભળતા ગયાં તેમ તેમ ઘરમાં વાતાવરણ શાંત થતું ગયું.

એકવાર હું અને મારાં પત્ની બહાર ગયાં હતાં. માતા-પિતા ઘરે જ હતાં. અમને આવતાં મોડું થયું. પરિણામે જમવાની અને રસોઈ કરવાની બાબતમાં મારાં પત્ની અને મારાં માતા વચ્ચે બોલાચાલી થઈ ગઈ. તેથી થોડો કંકાસ પણ થયો, પણ મેં નિત્ય ઘરસભા કરવાની ચાલુ જ રાખી.

એક દિવસ ઘરસભા પુસ્તકમાં પ્રસંગ આવ્યો કે પ્રમુખસ્વામી મહારાજનું વગર વાંકે કેટલા લોકો અપમાન કરી જતા, તો પણ તેઓ એ સહન કરી લેતા. આ પ્રસંગ સાંભળીને મારાં પત્નીને વિચાર આવ્યો કે વડીલો આપણને વઢે તો સહન કરવું જોઈએ. એવી એમને અંતર્દષ્ટિ થઈ એટલે ઘરસભામાં મારાં માતાની માફી માગી લીધી અને કહ્યું કે મમ્મી! મારી ભૂલ થઈ, મને માફ કરજો. તેનાથી મારાં મમ્મી પણ રાજી થયાં અને બંને વચ્ચે સમાધાન થઈ ગયું.

અમે અઠવાડિયામાં બે વખત સભા કરીએ છીએ. સભામાં ઘરનાં બધાં જ સભ્યો બેસે છે. કદાચ મારે બહાર જવાનું થાય તો ઘરનાં બધાં સભ્યો ઘરસભા કરી જ લે છે. ઘરસભા કરવાથી અમે અલગ થવાનો નિર્ણય પણ માંડી વાળ્યો છે. આજે અમારું સંપેલું કુટુંબ છે, ખૂબ શાંતિથી રહીએ છીએ, તેનો યશ ઘરસભાને છે. ●

**આભાર ઘરસભાનો**

**– નરેન્દ્રભાઈ સોની, વીસનગર**

મારા બે સુપુત્રોનાં લગ્ન કર્યાં ત્યારે શરૂઆતમાં તેમનાં પત્નીનો એકબીજાં પ્રત્યેનો વ્યવહાર સારો નહોતો. ધીમે ધીમે એ ઘરના કામકાજમાં વાદ લેવા લાગ્યાં અને એક સમય એવો આવ્યો કે બંનેએ એકબીજાં સાથે બોલવાનું જ બંધ કરી દીધું. ઘરમાં કંઈ વસ્તુ લાવવાની કે બનાવવાની હોય તો બંને વહુઓ એકબીજાને બીજાં માધ્યમો દ્વારા સંદેશ મોકલાવી દે, પણ એકબીજા સામે વાતચીત કરવાનું ટાળે.

એ અરસામાં અમે ઘરસભા શરૂ કરી. શરૂઆતમાં હું અને મારાં પત્ની ભેગાં થઈને ઘરસભા કરતાં. મારાં પુત્રવધૂઓ ઘરસભામાં બેસતાં નહોતાં. મારા દીકરાઓ સભામાં આવતા, પરંતુ તેમનાં પત્નીઓ તેમને બોલાવી લેતાં. ધીમે ધીમે ઘરસભામાં વંચાતા પ્રસંગો પુત્રવધૂઓ સાંભળવા લાગી. તેનાથી તેમને થોડું સારું લાગ્યું અને ઘરસભામાં આવતાં ગયાં. સભામાં બેસવાથી બંને પુત્રવધૂઓ વચ્ચેના અબોલા તૂટી ગયા અને ઘરનું કામ સંપીને કરવા લાગ્યાં. આજે સમય બદલાઈ ગયો છે. બંને પુત્રવધૂઓ એક જ થાળીમાં જમવા લાગ્યાં છે. આજે પુત્રવધૂઓ વચ્ચે દેરાણી-જેઠાણીનો સંબંધ નહીં પણ સગી બહેનનો સંબંધ છે. આજે અમારું ૯ વ્યક્તિઓનું કુટુંબ સંપીને રહે છે તેનું મુખ્ય કારણ છે - બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એક વરદાન રૂપે આપેલી ઘરસભા.

તેમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ●

**ઘરસભાનાં મધુર ફળ**

**– કનુજીભાઈ ઠાકોર, અમદાવાદ**

અમે સત્સંગી થયા તે પહેલાં અમારા ઘરમાં ઘણા પ્રશ્નો હતા. મારે અને મારાં પત્ની વચ્ચે ઘણી સમસ્યાઓ હતી. મારાં પત્નીને અને મારાં માતાને પણ એકબીજાં સાથે બનતું નહોતું. તેઓને એકબીજા પ્રત્યે અણગમો રહ્યા કરતો. ઘણીવાર તો મારાં પત્ની વચ્ચે મારે આખી રાત ઝઘડા ચાલુ રહેતા. આ ઝઘડા એટલી હદ પાર કરી ગયેલા કે હું રાત્રે બે-ત્રણ વાગ્યે ફોન કરીને મારા સસરાને બોલાવતો અને કહેતો કે તમારી દીકરીને તમે તમારા ઘરે લઈ જાવ. અમારા ઘરનું વાતાવરણ હંમેશાં તંગ રહેતું. ડગલે ને પગલે અમે છૂટાછેડા લેવાની વાત કરતા.

પરિવારના આ બધા પ્રશ્નોની વચ્ચે અમે બી.એ.પી.એસ. સત્સંગના યોગમાં આવ્યાં અને ઘરસભા કરવાની ચાલુ કરી.

ઘરસભામાં સત્સંગની જે વાતો આવતી તે અમારા જીવમાં ઊતરતી ગઈ અને ધીમે ધીમે અમને તે સમજાવા લાગી. અમને આપોઆપ અંતર્દૃષ્ટિ થવા લાગી.

મારો સ્વભાવ જિદ્દી અને ગુસ્સાવાળો હતો, તે ધીમે ધીમે બદલાવા લાગ્યો. મારાં પત્નીના સ્વભાવમાં પણ ખૂબ પરિવર્તન આવવા લાગ્યું. ધીમે ધીમે મારાં મમ્મી અને મારી પત્ની વચ્ચે પણ સારા સંબંધ થઈ ગયા. અત્યારે અમારા ઘરમાં મંદિર જેવું વાતાવરણ છે. છેલ્લાં ચાર વર્ષથી ઘરસભા કરીને તેનાં મધુર ફળનો અમે આનંદ લઈએ છીએ. ●

**નવા પ્રાણ પુરાયા**

**– જયંતીભાઈ ગમાર, તુવેર (પોશીના)**

અમે સત્સંગી તો ઘણાં વર્ષોથી હતા, પણ ઘરસભા કરતા નહોતા. પરંતુ જ્યારથી અમે ઘરસભા ચાલુ કરી છે ત્યારથી અમારા કુટુંબમાં અને બે ભાઈઓ વચ્ચે એકતાની ભાવના ખૂબ વિકસી છે.

ઘરસભાને કારણે અરસપરસ એકબીજાને સમજવાની વૃત્તિ જાગી છે. ઘરસભાના પરિણામે રોજબરોજના કાર્યલક્ષી ઘણી બધી સ્પષ્ટતાઓ સરળતાથી થઈ જાય છે. અમારે બે ભાઈ વચ્ચે જે કામકાજ કરવાનું હોય તેનો નિર્ણય રાત્રે ઘરસભામાં જ કરી લઈએ અને એકબીજાના કામની જવાબદારી વહેંચી લઈએ છીએ. ઘરસભા શરૂ કરી તે પહેલાં મારાં ભાભી અને મારાં પત્ની વચ્ચે વાતાવરણ પ્રતિકૂળ હતું, પરંતુ ઘરસભામાં આવવાથી હવે તેઓ સંપથી રહે છે.

ઘરસભાથી મારા પિતાજીનું વ્યસન છૂટી ગયું એ અમારા માટે એક મોટી બાબત છે. ઘરસભાના લીધે જ અમારા દીકરાને સારા સંસ્કાર મળતા રહે છે. તે બાળમંડળમાં પણ નિયમિત જાય છે. તે ઘરમંદિરમાં ઠાકોરજીને થાળ ધરાવે છે, સવાર-સાંજ આરતી કરીને જ ભોજન લે છે. આમ, ઘરસભાથી અમારાં સંતાનોમાં પણ સારામાં સારા સંસ્કાર આવ્યા છે અને પ્રગતિ થઈ રહી છે. અમે સવાર-સાંજ આરતી કર્યા બાદ જ ભોજન લઈએ છીએ.

આમ, ઘરસભાએ અમારા જીવનમાં નવા પ્રાણ પૂર્યા છે. ●

**શાંતિથી ભર્યું ઘર**

**– મનસુખભાઈ સોરઠિયા, જામનગર**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સન ૨૦૦૮થી અમારા ઘરમાં ઘરસભા શરૂ થઈ છે. ઘરસભાએ અમારા પરિવારને પવિત્ર પ્રેરણાઓથી છલકાવી દીધો છે.

જેમ કે, ઘરસભામાંથી અમને સમૂહભોજનની પ્રેરણા મળી અને પરિવારનાં અમે બધાં જ સભ્યો દરરોજ બંને સમય સાથે જ ભોજન કરીએ છીએ. ઘરસભા શરૂ કરી તે પહેલાં રસોઈ બાબતમાં દરરોજની નાની મોટી ટક ટક હતી, પરંતુ ઘરસભાએ તેનું પણ સમાધાન લાવી દીધું છે.

ઘરસભામાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવન-પ્રસંગો વંચાય તેમાં તેમની નિઃસ્વાદી સ્વભાવની વાતો આવે. તેનાથી આપોઆપ બધામાં એવી સમજણ આવી, પરિણામે હવે ભોજન બાબતે વાદ-વિવાદ થતા નથી. બધા જે બને તે ભગવાનનો પ્રસાદ માનીને જમી લે છે. કાલે શું બનાવવું? એ પૂછવાની પણ જરૂર પડતી નથી. એને લીધે હવે ખૂબ શાંતિ રહે છે.

ઘરસભાને લીધે અમારાં સંતાનોને ધર્મગ્રંથોના વાંચનમાં રુચિ જાગ્રત થઈ છે. તેઓ સામેથી સત્સંગ પરીક્ષા આપે છે. ઘરસભામાં અમે સંતાનો પાસે પ્રસંગકથન વગેરે રજૂઆત કરાવીએ છીએ, તેથી ઘરસભા રસપ્રદ તો બને જ છે, પણ સંતાનોનો આત્મવિશ્વાસ વધ્યો છે. અને તેઓ સભામાં પણ પ્રવચન નિઃસંકોચપણે કરી શકે છે. આમ, ઘરસભાએ અમારા ઘરને સુખ-શાંતિથી હર્યુંભર્યું બનાવી દીધું છે. ●

**પ્રેરણામૂર્તિનો આભાર**

**– રમેશભાઈ વી. જાદવ, વલ્લી-ખંભાત**

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઘરસભાનું અભિયાન શરૂ થયું તેમાં અમે અમારા ગામમાં ૧૦-૧૨ ઘરોમાં ઘરસભા ચાલુ કરાવી. શરૂઆતમાં લોકોને તકલીફ પડતી, પણ ધીમે ધીમે થાળે પડવા માંડ્યું. તેમાંનો એક પરિવાર શ્રી મેલજીભાઈ કાનજીભાઈ સોલંકીનો છે. તેમના પરિવારમાં ઘરે બે ભાઈ, દેરાણી-જેઠાણી, સાસુ, બાળકોનું સંયુક્ત કુટુંબ છે. ઘરસભા પહેલાં

સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, તેમનાં બાળકો વચ્ચે દરરોજ નાનાં-નાનાં કારણોને લીધે ઝઘડા થતા રહેતા.

પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આદેશનું પાલન કરવા તેમણે નિયમિત ઘરસભા ચાલુ કરી. શરૂઆતમાં તો થોડો સમય ઘરમાંથી કોઈનો ખાસ સહકાર ન મળ્યો, પણ થોડા મહિના જતાં, નિયમિત ઘરસભા ચાલુ રાખવાથી ધીરે ધીરે બંને ભાઈઓ, તેમનાં બાળકો, માતા, દેરાણી-જેઠાણી સૌ કોઈ ઘરસભામાં બેસવા લાગ્યાં. એમની સભા ૧૫ મિનિટથી ૪૦ મિનિટ સુધી ચાલે છે.

ઘરસભાને લીધે ધીમે ધીમે ઘરમાં અજવાળાં પથરાવાં મંડ્યાં, થોડા સમય પછી એવો જાદુ થયો કે ઘરમાંથી દરેક પ્રકારના ઝઘડા દૂર થઈ ગયા. બાળકોએ અભ્યાસમાં પ્રગતિ કરી અને સુખ-શાંતિમય વાતાવરણ સર્જાયું છે. આજે તેઓ ઘરસભાના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે આભારની લાગણી અનુભવે છે. ●

### સંધાઈ ગયું ઘર

### – પિંકલભાઈ મોહનભાઈ પટેલ, તીથલ

મને બી.એ.પી.એસ. સત્સંગનો યોગ તો ઘણા સમયથી હતો, પરંતુ વિશેષ સમજણ નહોતી. પરંતુ મારું સદ્‌ભાગ્ય કે સન ૨૦૧૧માં મને સારંગપુર ખાતે બી.એ.પી.એસ. યુવા-તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવવાની તક મળી. તાલીમ પૂર્ણ થયા બાદ ઘરે પરત આવ્યો ત્યારે મનમાં ગાંઠ બાંધી હતી કે ઘરે જઈને ઘરના તમામ સભ્યોને સાથે રાખીને ઘરસભા કરવી જ છે. અને મેં ઘરસભા શરૂ તો કરી, પરંતુ તેમાં હું અને મારાં માતા જ હાજર હોય. ક્યારેક આજુબાજુના બાળકો આવીને બેસે. ઘરના બીજા સભ્યોને ઘરસભામાં રસ નહીં, છતાં મેં ઘરસભા ચાલુ જ રાખી. ધીમે ધીમે ઘરના સભ્યો આવીને બેસતાં થયાં, પરંતુ પાછળ બેસે.

થોડા સમયમાં મારા મોટાભાઈનાં લગ્ન થયાં અને તેમનાં પત્ની પણ ઘરસભામાં બેસતાં થયાં. બીજા વર્ષે બીજા ભાઈનાં લગ્ન થયાં. તેમનાં પત્ની પણ ઘરસભામાં બેસવાં લાગ્યાં. કોઈક દિવસ પિતાજી અને ભાઈઓ પણ બેસવા લાગ્યા, તેમને રસ નહોતો તો પણ. ઘરમાં કોઈપણ કાર્યક્રમ હોય કે પ્રસંગ હોય તો એ ઘરસભામાં નક્કી કરીએ. ઘરમાં પ્રશ્ન હોય તો એનું નિરાકરણ પણ ઘરસભામાં કરીએ.

અમારા ગામડામાં એવું હોય કે ભાઈઓનાં લગ્ન થાય એટલે સ્વતંત્ર રહેવાનું અને જમવાનું, પરંતુ મારાં લગ્ન થયાં ત્યારે મેં ઘરમાં કહ્યું કે આપણે જ્યાં સુધી સાથે રહેવાય ત્યાં સુધી સાથે જ રહેવું-જમવું. મારી આ વાતથી મારા પિતા અને ભાઈઓ સહમત થયા.

ઘરમાં આટલા બધા સભ્યો હોય અને બધી જવાબદારી પિતા ઉપર આવી જાય તે તેમને અઘરું પડે તે સ્વાભાવિક છે. આથી અમે ભાઈઓએ નક્કી કર્યું કે પિતા જે માસિક શુલ્ક નક્કી કરે એ દર મહિને તેમને આપી દેવું. અને અમે દર મહિને એ પ્રમાણે શુલ્ક ચૂકવી પણ દેવા લાગ્યા. પરંતુ સન ૨૦૧૬ના જૂન મહિનામાં મોટાભાઈઓને નોકરી-ધંધામાં થોડી મંદી આવી. તેથી તેઓ એક-બે મહિનાની રકમ આપી શક્યા નહીં. એટલે પિતાજીને થોડું માઠું લાગ્યું અને કહ્યું કે 'તમે તમારી સ્વતંત્ર જિંદગી જીવી શકો છો અને તમારા પૈસાનો તમે તમારી રીતે ખર્ચ કરી શકશો. અને અલગ રહેવા પણ જઈ શકશો.'

આ પ્રસંગથી આખો દિવસ અમારા ઘરનું વાતાવરણ તંગ રહ્યું. કોઈને કંઈ ખબર નહોતી પડતી કે હવે શું કરવું? તેમ છતાં અમે નિત્યક્રમ મુજબ ઘરસભા કરી. ઘરસભાએ જાદુ કર્યો. ઘરસભા પૂર્ણ થયા બાદ મારા પિતાએ મારા ભાઈઓને કહ્યું કે 'તમારે શું કરવું છે? અલગ રહેવા જવું છે?' ત્યારે મારાં ભાઈઓનાં પત્નીએ કહ્યું કે 'સગવડ થશે ત્યારે પૈસા આપી દઈશું, પણ અમારે અલગ થવું જ નથી.' આ વાતથી મારા પિતા રાજી થયા. ઘર ભાંગવાને બદલે સંધાઈ ગયું.

આજે પણ સંપથી અમે એક જ ઘરમાં રહીએ છીએ. ત્રણ ભાઈઓ, ત્રણ ભાઈની પત્નીઓ કે માતા-પિતા વચ્ચે પણ કોઈ પ્રશ્ન નથી. ઘરસભાથી અમારા ઘરના તમામ પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે. ઘરસભાથી અમારા પરિવારમાં શાંતિ થઈ છે અને સંપ વિશેષપણે દૃઢ થયો છે. ●

### આદર્શ કુટુંબનું વરદાન

### – જયેન્દ્ર ધીરેન્દ્રભાઈ વીંછી, સુરત

સન ૧૯૮૭માં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ મુંબઈમાં બિરાજતા હતા. તેઓ પત્રલેખન કરી રહ્યા હતા. ત્યારે મારા

પિતાશ્રી ધીરેન્દ્રભાઈએ પત્રોનો મોટો થોકડો જોઈને સ્વામીશ્રીને પૂછ્યું કે 'આટલા બધા પત્રોમાં શું આવે છે?' સ્વામીશ્રીએ કહ્યું કે 'આ દુનિયાની તકલીફો અને દુઃખની વાતો આવે છે.' ત્યારે મારા પિતાશ્રીએ પૂછ્યું કે 'અમારે આપને આવા દુઃખના પત્ર લખવા જ ન પડે એવો કોઈ ઉપાય ખરો?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યુંઃ 'ઘરના બધા સભ્યો ભેગા થઈ ઘરસભા કરે તો આવા દુઃખના પત્રો લખવાની જરૂર જ ન પડે.'

સ્વામીશ્રીએ જે ઉત્તર આપ્યો તેમાં એમની દીર્ઘદૃષ્ટિનો અનુભવ થયો. સ્વામીશ્રીના એ આદેશમાં અસંખ્ય પરિવારોનું હિત દેખાયું. એ આદેશ ઝીલીને અમે ઘરસભા ચાલુ કરી દીધી.

સ્વામીશ્રીના આદેશાનુસાર અમે ઘરસભા ચાલુ કરી દીધી. વર્ષો પછી આજેય ઘરસભા ચાલુ છે. ઘરસભાથી અમને સંપ્રદાયનું જ્ઞાન વિશેષ મળ્યું. ઘરસભાથી એકબીજાને સમજવાની ભાવના આવી, ઘરમાં સુખ-શાંતિ આવ્યાં. અમારા ઘરમાં રિદ્ધિ-સિદ્ધિ છે, સૌ શાંતિથી હળીમળીને રહીએ છીએ, તેનો યશ ઘરસભાને છે.

મારાં લગ્નને ૨૫ વર્ષ થવા આવ્યાં છે. મારા શ્વસુર પક્ષમાં સત્સંગ હતો નહીં, આથી પત્નીને સત્સંગનો યોગ નહોતો, પણ જ્યારે લગ્ન બાદ અમારા ઘરનું વાતાવરણ જોયું, રાત્રે બધાં ભેગાં મળીને ઘરસભા કરતાં ત્યારે અમારા બધા જ પ્રશ્નોનું સમાધાન થઈ જતું, તેમાં તેમને ખૂબ આનંદ આવતો. ધીમે ધીમે તેમને સત્સંગનો રંગ લાગી ગયો. ઘરસભાને કારણે સમજણ કેળવાઈ છે, તેથી શાંતિ શાંતિ અનુભવાય છે.

ઘરસભાના કારણે અમને મોટામાં મોટો ફાયદો તો એ થયો છે કે અત્યારે અમે ત્રણ પેઢી આ ઘરમાં રહીએ છીએ - દાદા, પુત્ર અને પૌત્ર. આ ત્રણેય પેઢીઓ વચ્ચે જનરેશન ગેપ નથી. અમારું કુટુંબ સંપ-સુહૃદભાવ અને એકતાથી અંકિત છે. નથી બે ભાઈઓ વચ્ચે અણબનાવ, નથી અમારા પિતા-પુત્ર વચ્ચે અણબનાવ, નથી સાસુ-વહુના પ્રશ્નો કે અમારા કિશોરવયના પુત્રને પણ અમારી સાથે એવી કોઈ તકલીફ નથી. પુત્ર અમારી સાથે મિત્રની જેમ વર્તે છે.

ઘરસભામાં અમે બધા સાથે બેસીને ઘરના પ્રશ્નો કે પુત્રના પ્રશ્નોની નિખાલસ દિલે ચર્ચા કરીએ છીએ અને તેનો ઉપાય લાવીએ છીએ. કલેક્ટિવ લીડરશિપનું એક સુંદર વાતાવરણ અમારા ઘરમાં છે. ઘરમાં કોઈપણ વ્યક્તિ ક્યારેય કોઈપણ પ્રકારની વાત છુપાવતી નથી, કારણ કે કોઈને એકબીજાનો ડર નથી. પિતા-પુત્ર કે સાસુ-વહુ વચ્ચેનો જનરેશન ગેપ પણ મિથ્યા ડરને કારણે જ ઊભો થાય છે. અમારા ઘરમાં જનરેશન ગેપ કે કોઈપણ પ્રકારનો એકબીજાથી ડર નથી એનું સૌથી મોટું કારણ પ્રમુખસ્વામી મહારાજે આપેલી આ ઘરસભા જ છે.

એકવાર પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે ધીરેન્દ્ર વીંછીનું કુટુંબ આદર્શ છે. સ્વામીશ્રીના એ પ્રમાણથી અમે ધન્યતા અનુભવીએ છીએ, પરંતુ એ તેમના આશીર્વાદ અને એમણે ચીંધેલી ઘરસભાથી જ શક્ય બન્યું છે. ●

### બદલાયું અમારું ઘર

### – દિવ્યાંગભાઈ માસ્ટર, વડોદરા

પાંચ વર્ષ પહેલાં મેં ઘરસભાનો પ્રારંભ કર્યો, ત્યારે ઘરનું વાતાવરણ અને અમારા સ્વભાવો કેવા વિપરીત હતા તે આજે યાદ આવે છે. મારાં પત્નીને તો સત્સંગમાં જરાય રસ નહીં. તેમને ડુંગળી-લસણ વિના ચાલે જ નહીં. ઘરસભા શરૂ કરી તો તેમાં પણ તેમને રસ નહોતો. અતિ ગુસ્સાવાળા સ્વભાવને કારણે સાસુ-વહુના મતભેદ દરરોજ ચાલ્યા જ કરે. પરંતુ દોઢેક વર્ષ પછી તેઓ ઘરસભામાં બેસતાં થયાં અને પરિવર્તનનો દોર શરૂ થયો. ધીમે ધીમે પરિવર્તન આવ્યું. થોડા સમયમાં તેમણે ડુંગળી-લસણ છોડ્યાં. ગુસ્સાવાળો સ્વભાવ ઘસાયો, ગુસ્સો ઓછો થયો. સાસુ સાથે સંબંધો સુધર્યા. આજે ઘરમાં કોઈનાથી કંઈપણ ભૂલ થાય તો ગુસ્સે થતાં નથી.

અમારો પુત્ર ૧૯ વર્ષનો છે. તેને પણ સત્સંગની દૃઢતા થઈ છે. હાલ બહારગામ ભણવા જવાનું થયું ત્યાં પણ ડુંગળી-લસણનો ત્યાગ વગેરે નિયમધર્મ પાળે છે.

મારાં પત્ની કહે છે કે, 'ઘરસભાથી મારા જીવનમાં સત્સંગ અને સમજણ આવી, જેથી મારો સ્વભાવ સુધર્યો.'

આજે અમારા ઘરમાં શાંતિ છે, ઘરસભા ન કરતાં હોત તો કાયમ અશાંતિ જ રહેત.

માત્ર પાંચ જ વર્ષમાં મેં અમારા ઘરને બદલાતું જોયું છે, સમજણ અને શાંતિથી લીંપાતું જોયું છે. ઘરસભાએ અમારા પર જે ઉપકાર કર્યા છે તેનું ઋણ ક્યારેય ચૂકવી શકાય તેમ નથી. ●

### ઘરસભાનો મોટો લાભ

### – કેતનભાઈ જાની, વડોદરા

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કરેલી ઘરસભાની આજ્ઞા પળાતી તો હતી, પરંતુ તેમાં નિયમિતતા નહોતી રહેતી. ક્યારેક થાય અને ક્યારેક ન પણ થાય. એક દિવસ વિચાર આવ્યો કે સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરવો હોય તો નિયમિતપણે ઘરસભા થવી જ જોઈએ. કોઈક પ્રાયશ્ચિત્ત નક્કી કરીએ તો જ ઘરસભા ઘરમાં નિયમિત થશે. પરિણામે અમે એવું નક્કી કર્યું કે જે દિવસે ઘરસભા ન થાય એના બીજા દિવસે ઉપવાસ કરવો. અને આ અખતરો સફળ નીવડ્યો. અને છેલ્લાં ૨૧ વર્ષથી અમારાં ઘરમાં ઘરસભા નિયમિત થાય છે. આટલાં વર્ષોમાં પાંચ-સાત વખત જ સભા ચુકાઈ છે અમે બહારગામ ગયાં હોઈએ, ચોવીસ કલાકની મુસાફરીમાં હોઈએ કે અન્ય કોઈ મંદિરમાં ગયા હોઈએ, તોપણ ઘરસભા નિયમિત કરીએ જ છીએ.

એકવાર અમે અલાહાબાદ ગયાં હતાં. થાકીને અમે રાત્રે ઘરસભા કર્યા વિના જ સૂઈ ગયાં. રાત્રે ૧ વાગે હું અચાનક જાગી ગયો અને યાદ આવ્યું કે આજે તો ઘરસભા ભૂલાઈ ગઈ છે! રાત્રે દોઢ વાગે ઘરના તમામ સભ્યોને જગાડીને હોટેલની અગાશીમાં સૌએ ભેગાં થઈને ઘરસભા કરી હતી. ઘરસભા દ્વારા પારિવારિક એકતાથી માંડીને સમજણના અનેક ફાયદાઓ અમે અનુભવ્યા છે. પરંતુ સૌથી મોટો લાભ અનુભવ્યો છે – પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની પ્રસન્નતાનો. ●

### આઈસીયુમાં પણ સભા

### – હિરેશભાઈ પટેલ, આણંદ

સન ૨૦૧૫માં યુવા તાલીમકેન્દ્રમાં તાલીમ પામ્યા બાદ મેં ઘરસભાની શરૂઆત કરી ત્યારે પ્રારંભમાં મારી સાથે મારાં માતા જ ઘરસભામાં જોડાયાં. મારા પિતાજીને ઘરસભામાં રુચિ નહોતી, છતાં અમે દૃઢતા રાખીને ઘરસભા ચાલુ રાખી. ધીમે ધીમે તેમને ઘરસભાનો ગુણ આવ્યો એટલે તેઓ પણ ઘરસભામાં જોડાયા. તેનાથી સમજણ અને ધૈર્ય વિકસ્યાં. તેની ખરી કસોટી તો બીમારીમાં અનુભવાઈ.

થોડા સમય બાદ મારા પિતાને ટીબીની તકલીફ થવાથી તેમને તાત્કાલિક આઈસીયુમાં દાખલ કરવા પડ્યા. આઈસીયુમાં દાખલ કર્યા ત્યારે પણ અમે પિતાજી સાથે આઈ.સી.યુ.માં ઘરસભા જોઈને આજુબાજુના વ્યક્તિઓને આશ્ચર્ય તો થયું, પરંતુ તેમને પ્રમુખસ્વામી મહારાજનો ગુણ પણ આવ્યો. સાત દિવસ પિતાજીને હોસ્ટિપલમાં રાખ્યા તે દરમ્યાન જેટલા સગા-સંબંધીઓ ત્યાં મળવા આવતા તેમને અમે ઘરસભાની વાત કરીએ અને સમય થાય ત્યારે ઘરસભા પણ અચૂક કરીએ જ. તેની એક મોટી અસર એ થઈ કે અત્યારે એવા ઘણા સગા-સંબંધીઓ છે કે જેઓ ઘરસભા કરતા થયા છે. અને પરિણામે અમારી પણ આ ઘરસભાની દૃઢતા અભિવૃદ્ધિ પામી છે. ગમે તે કાર્યક્રમ હોય, લગ્ન હોય કે કંઈ બીજું કાર્ય હોય તો પણ ઘરસભા નિયમિત કરીએ જ છીએ, સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કરીએ છીએ. ●

### લગ્નમાં પણ ઘરસભા

### – મહેન્દ્રભાઈ પ્રજાપતિ, અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી ૨૦૦૪થી અમે ઘરસભા કરવાનું ચાલુ કર્યું ત્યારે કલ્પના નહોતી કે ઘરસભામાં કેટલો બધો લાભ છે! પરંતુ ઘરમાં બધાને એટલી દૃઢતા હતી કે સ્વામીબાપાની આજ્ઞા છે તો ઘરસભા કરવી જ છે. સ્વામીબાપાની કૃપાથી એ દૃઢતા આજપર્યંત એવી ને એવી રહી છે. કોઈપણ પ્રસંગ હોય, સગાં-વહાલાં આવ્યાં હોય કે કોઈનાં લગ્નમાં જવાનું હોય, તો પણ અમે ઘરસભા કરી જ લઈએ છીએ. મારી પુત્રી અને પુત્રનાં લગ્ન બપોરે ૩ વાગે હતાં. જાન બપોરે ત્રણ વાગે આવવાની હતી તો અમે બપોરે ૧૨ વાગે ઘરસભા કરી લીધી. પુત્રની જાન બીજા દિવસે બપોરે ત્રણ વાગે જવાની હતી તો એ દિવસે પણ અમે બપોરે ૧૨ વાગે ઘરસભા કરી લીધી હતી. ઘરસભા કર્યા બાદ જ અમે જાન લઈને ગયા હતા. ત્રણેય પુત્ર-પુત્રીઓનાં લગ્નની દોડાદોડીમાં રાત્રે સૂતાં પહેલાં ઘરસભા કરી હતી.

એકવાર અમારે બહારગામ ફરવા જવાનું થયેલું ત્યારે અમે હોટેલમા પણ ઘરસભા કરી હતી. સન ૨૦૧૬માં ચારધામ યાત્રાએ ગયાં હતાં, ત્યાં પણ અમે નિયમિત ઘરસભા કરતાં અને ઘરે સંતાનો પણ અવશ્ય ઘરસભા કરતાં.

આ નિયમિત ઘરસભાને કારણે અમને ખૂબ જ પારિવારિક શાંતિ અને આધ્યાત્મિક સુખનો અનુભવ થાય છે. પ્રમુખસ્વામી

મહારાજ અને મહંત સ્વામી મહારાજની અપાર પ્રસન્નતાનો અનુભવ થાય છે. ●

**ભગવાન સાથે જ છે**

**– અશ્વિનભાઈ નકુમ, જામનગર**

સન ૨૦૦૭થી અમે દરરોજ ઘરસભા કરીએ છીએ. જે દિવસે અઠવાડિક સભામાં જવાનું હોય તે દિવસે ઘરે આવીને નાહીને જમ્યા વિના ૯.૩૦ વાગ્યા સુધીમાં સભામાં પહોંચી જઉં છું. સભામાંથી ઘરે આવીને ૧૧.૩૦ સુધી ઘરસભા કરીએ. બાદ ચેષ્ટા પછી ૧૨ વાગે આરામમાં જઈએ છીએ.

અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી, પણ ઘરસભાને કારણે સૌમાં સમજણ છે. કોઈની કંઈ ખોટી માંગણી કે ખર્ચ નથી. કોઈને કોઈપણ પ્રકારનું દુઃખ નથી. ભવિષ્યમાં તકલીફ આવશે તો પૈસા ક્યાંથી લાવીશું જેવી ચિંતા મને ક્યારેક થાય, પરંતુ ઘરસભામાં વાત સાંભળીએ એટલે શાંતિ થઈ જાય છે કે ભગવાન આપણું સારું જ કરશે.

મારાં માતાને મોટી ઉંમરે એક બીમારી આવી હતી. તેમાં ખર્ચ ઘણો થાય તેમ હતો અને જીવનું જોખમ પણ હતું, પરંતુ ઘરસભામાંથી દૃઢ થયેલી ભગવાનના કર્તાહર્તાપણાની સમજણને કારણે અમને ધીરજ રહી. ઘરસભામાં અમે પ્રાર્થના કરી. યોગાનુયોગ માતાનું ઑપરેશન કરનાર ડૉક્ટર સત્સંગી નીકળ્યા ને તેમણે સામેથી કહ્યું કે તમારી પાસેથી મારે એક રૂપિયો નથી લેવો. તમારે જે આપવું હોય તે જામનગર મંદિરમાં સેવા લખાવી દેજો. અમને લાગ્યું કે ભગવાન આપણી સાથે જ છે. ઘરસભાથી સત્સંગ અને ભગવાનની નિષ્ઠા દૃઢ થવાથી અમને નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ અત્યંત શાંતિ અને આનંદ છે. ●

**ટીવી નહીં, ઘરસભા**

**– ગોવિંદભાઈ વેગડ, જામનગર**

અમને સત્સંગનો યોગ ૧૯૯૨માં થયો, પરંતુ ઘરસભા છેક ૨૦૦૭માં અમે શરૂ કરી. અમારે બે દુકાન છે. ક્યારેક દુકાન બંધ કરતાં ૧૦ વાગી જાય તો પણ રાતે ૧૦.૩૦ વાગે અમે ઘરસભા કરી લેતા. ઘરસભા તો અમારા ઘરમાં નિયમિત થાય છે, પરંતુ દુકાનને કારણે ઘણીવાર મોડું થાય અને ઘરસભા મોડી કરવી પડે. આ વાત મને ગમતી નહીં. ક્યારેક દુકાનના લીધે સત્સંગ સભામાં પણ જવાતું નહોતું. એટલા માટે જ ગયા વર્ષે અમે બે દુકાનમાંથી એક દુકાન બંધ કરી દીધી. તેમ છતાં ભગવાનની ઈચ્છાથી અમારો વ્યવહાર સારો ચાલે છે. સત્સંગસભા ને ઘરસભામાં જવામાં હવે ખૂબ જ સાનુકૂળતા રહે છે.

ઘરસભા ચાલુ કર્યા બાદ ટીવી જોવાનું ઓછું થઈ ગયું. મારા દીકરા અને મારી બંને દીકરીઓએ પણ ટીવી જોવાનું બંધ કરી દીધું.

અમારા ઘરમાં છેલ્લાં ૮ વર્ષથી ટીવી જ નથી. મારા પુત્રનાં લગ્ન થયાં અને તેમનાં પત્ની સત્સંગના યોગમાં ન હોવા છતાં ઘરસભામાં બેસતાં હતાં. એક વાર અમે તેમને કહ્યું, 'તમારે ટીવી જોવું હોય તો અમને વાંધો નથી. તમને ટીવી લાવી આપીએ.'

પરંતુ તેમણે સામેથી જ ના પાડી અને આજ દિન સુધી ક્યારેય ટીવીની માંગણી કરી નથી. અમારા ઘરમાં ટીવીનું સ્થાન ઘરસભાએ લઈ લીધું છે. તેના કારણે અમે ઘરમાં ખૂબ શાંતિ અને સુખનો અનુભવ કરીએ છીએ. ◆

# નિબંધ - ૩

## યોગી યુવક ઉપવાસ કોલેજ

## Yogi Yuvak Upvas College

તમને કદાચ નવાઈ લાગશે કે આ કઈ કૉલેજ ? આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, ટેક્નિકલ, મૅડિકલ વગેરે કૉલેજોનાં નામ તો તમે સાંભળ્યાં હશે, પણ આવું નામ તમે કદી નહીં સાંભળ્યું હોય.

આ એક નવી જ ફેકલ્ટી(સંસ્થા) છે. કદાચ વિદેશોમાં કે જ્યાં આગળ જીવનના નાના-મોટા, છાના-છૂપા વ્યવસાયોના-કર્મ-યોગોના અભ્યાસક્રમ ઘડાયેલા હોય છે અને તેના સ્નાતકો તૈયાર થતા હોય છે. ત્યાં આગળ પણ આ કૉલેજની હસ્તી જાણવામાં નથી આવી.

કારણ, આ ફેકલ્ટીનો ઉદ્‌ભવ ભારતવર્ષમાં જ થયો છે. જુગ જુગ જૂના એ જોગીઓએ એના પાયા નાખ્યા છે, ત્યારપછી અનેક અવતારો, સંતો અને હરિભક્તોએ એ ઈમારતને સુદૃઢ કરી છે, પણ એમાં ભગવાન સ્વામિનારાયણે એક નૂતન દૃષ્ટિ આપી છે.

એમને તપ બહુ પ્રિય હતું. અગિયાર વર્ષના એ કિશોર, અડવાણે પગે સારાયે ભારતની ભૂમિને શ્રી ચરણારવિંદથી અંકિત કરી, રજે રજ પાવન કરી હતી. પ્રચંડ તાપ, મેઘપ્રપાત અને શીત-વર્ષા એમણે અર્ધનગ્ન શરીર ઉપર સ્નેહથી ઝીલ્યાં હતાં. પુલહાશ્રમમાં છ માસ કઠણ તપ કરીને સૂર્યનારાયણને દર્શન આપ્યાં હતાં. લોજ ગામે પધારી મુક્તાનંદ સ્વામીને એમણે સૌપ્રથમ એ જ કહ્યું હતું કે રામાનંદ સ્વામીનાં દર્શન કરીને આપણે વનમાં ચાલ્યા જવું છે.

તેઓ કહેતા : ‘જુઓને, મને બાળપણમાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે, મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર ને માંસ તે રહેવા દેવું નથી. માટે ઘણે જ પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, શરીરમાં કંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે, પણ રુધિર તો નીસરે જ નહીં... અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા...’

તે સત્ય એમણે આમ સમજાવ્યું કે ‘એમ મનના ને શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા અને શરીર ક્ષીણ થયા પછી જે મનના દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે હું આત્મા છું, ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું. એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે.’

એમના સંતોએ અતિ આકરાં તપ આચર્યાં, અનેક કસોટીમાંથી ઉત્તીર્ણ થયા. છેવટમાં એમણે એ જ કહ્યું કે ‘આટલું બસ નથી, ચૈતન્યને તમારું રૂપ માનો અને દેહને ભૂલી જાઓ.’ આત્મવિચાર સાથે તપ કરવાની એક અનોખી દૃષ્ટિ એમણે આપી.

તપ, ત્યાગ, વૈરાગ્યનાં પ્રબળ આંદોલનો ભક્તિ-માર્ગમાં પ્રવર્તતાં હતાં, પણ આત્મવિચારરૂપ સહકારી બળ કેળવવાની વાત સૌપ્રથમ એમણે સમજાવી. વિચાર વગરનું તપ શુષ્ક, નિર્બીજ ને ધ્યેયવિહોણું બની રહે છે. તમે કહેશો કે પેલી કૉલેજ તો તમે બતાવતા નથી ને આ બધી કથા શેની કરો છો ? પણ આ તો આપણી વાતની જરા પૂર્વભૂમિકા બાંધી. ચાલો, તમને એ કૉલેજ બતાવું, પણ એનું નામ છે – ઉપવાસ કૉલેજ. જો એની મુલાકાત લેવી હોય તો એક શરત છે : તમારી ઉપવાસ કરવાની તૈયારી જોઈશે !

જુઓ, આ કૉલેજ કોઈ ભૌતિક-આધુનિક ઈમારતમાં સમાયેલી નથી, પણ નિત્ય આધુનિકતામાં પરિણમતા વિશ્વના વિશાળ ફલક ઉપર અને આભની છત નીચે, આમતેમ ઘૂમતી, હરતી-ફરતી, બોલતી-ચાલતી, પ્રકાશનો પુંજ પાથરતી,

પ્રાચીન, ચૈતન્ય ઇમારત, એ જ આ કૉલેજ, અને આચાર્ય પણ એ જ. એમનું શુભ નામ છે સ્વામીશ્રી યોગીજી મહારાજ.

એમણે આજીવન વ્રત-ઉપવાસો જ કર્યા છે. સાથે સેવા-ભક્તિ તો ખરી જ ! તપ એમનું અમોઘ શસ્ત્ર છે. આજના યુવાનોને નીતિ-સદાચારને માર્ગે વાળવા અને ભૌતિક જીવનમાં શુદ્ધીકરણ આણવા સ્વામીશ્રી તપરૂપી રામબાણ ઔષધી જ આપે છે.

એક વાર પોતે સ્નાનથી પરવારી વસ્ત્ર પરિધાન કરતા હતા. ઘણું કરીને હંમેશા એમની આસપાસ યુવાનો વીંટળાયેલા જ હોય. તે વખતે યોગીજી મહારાજે પાંચ-સાત યુવકોને બીજે દિવસે ઉપવાસ કરવા આજ્ઞા આપી હતી. તેટલામાં એક યુવક દર્શને આવી ચડ્યા. તુરત સ્વામીશ્રીએ એમને કહ્યું, ‘કાલે ઉપવાસ કરશો ને ?’

‘હા બાપા !’

‘નિર્જળ કરવાનો હોં ! લ્યો થાપો.’

એમ કહી હસતાં હસતાં બોલ્યા, ‘આ તો ઉપવાસની કૉલેજ છે. અહીં જે આવે એને ઉપવાસ મળે જ.’

એક યુવકે ઉત્સાહમાં આવી જઈ સૂચન કર્યું, ‘યોગી ઉપવાસ કૉલેજ.’

‘ના, યોગી યુવક ઉપવાસ કૉલેજ.’ સ્વામીશ્રીએ જાતે સુધારો કરી નામ વધાવી લીધું. પોતાના વહાલા યુવકોની સાથે સજાતિ થયા વગર એમને હેત કેમ થાય ? અને હેત વગર એમનું વચન પણ કેમ મનાય ?

નાના બાળકો, કિશોરો, યુવાનો કે જે દિવસમાં ચાર-પાંચ વખત જમતા હોય, જે એક ટંક પણ ભૂખ્યા ન રહી શકે, તેઓ આજે સ્વામીશ્રીના વચને નિર્જળ ઉપવાસ કરે છે અને તે પણ પ્રેમથી-સામેથી માગીને. યોગીજી મહારાજે એવો નિયમ ઘડ્યો છે કે પોતાની સેવામાં જે યુવકો આવે એમણે પાંચ દિવસે ઉપવાસ કરવો જ પડે. કોઈ નવા યુવકો આવે અને સ્વામીશ્રીની સેવાનો લાભ લે ત્યારે એમને પણ ઉપવાસ મળે જ.

એક દિવસ યોગીજી મહારાજ સ્નાન કરતા હતા ને એક નવીન ચહેરો સેવામાં દેખાયો. તેઓએ પૂછ્યું :

‘તમે કોણ ?’

‘બાપા ! હું બાજુમાં રહું છું.’

‘કયા ગામના છે ?’

‘વીરમગામનો, અહીં ભણું છું.’

‘શું ભણો છો ?’

‘કોમર્સમાં છું.’

‘શું નામ ?’

‘મહેન્દ્ર.’

‘કાલે ઉપવાસ કરશો ?’

એ યુવક હકારમાં માથું હલાવે છે. તુરત બાપા એનું માથું ખોળામાં લઈ, બે થાપા આપતાં કહે છે, ‘કો’ કરીશ.’ અને એ યુવક હોંશે હોંશે કરે છે.

આવા પ્રસંગો રોજબરોજ બનતા હોય છે. કેટલાક યુવકો પોતાની શાળાના અથવા કૉલેજના મિત્રને યોગીજી મહારાજનાં દર્શને લઈ આવે. એમાં અનેક રંગીલા ચહેરા હોય. કેટલાક કુતૂહલતાથી, કેટલાક મિત્રના આગ્રહથી, કેટલાક સ્વેચ્છાથી દર્શને આવ્યા હોય. લાવનાર યુવક સ્વામીશ્રીને પોતાના મિત્રનો પરિચય કરાવે. તુરત જ સ્વામીશ્રી એને હેતથી બોલાવી, ઓળખાણ પૂછી, વહાલથી ઉપવાસની આજ્ઞા કરે કે આપણે જોતા જ રહીએ અને તે યુવાન પ્રેમથી ઉપવાસ વધાવી લે. કેટલીક વાર તો નાનાં નાનાં બાળકો પણ યોગીજી મહારાજ પાસે ઉપવાસ લેવા દોડી આવે, ત્યારે આપણને લાગે કે આપણે મૃત્યુલોકમાં છીએ કે અક્ષરધામમાં ?

એક વખત જળઝીલણી એકાદશીને દિવસે યોગીજી મહારાજની આજ્ઞાથી એકસો ને છવીસ યુવકો તથા બાળકોએ ઉપવાસ કરેલા. તેમાં એક બાળક (હરિકૃષ્ણ બળવંતરાય બ્રહ્મભટ્ટ, મુંબઈ) જેમને સ્વામીશ્રી વહાલથી ‘સેમ્પલ’ કહેતા એણે પણ ઉપવાસ કરેલો. યોગીજી મહારાજે એમને સભામાં ઊભા કરી સૌને કહ્યું : ‘આવા નાનાં છોકરાં એક ટંક પણ ભૂખ્યા રહે ? દિવસમાં ચાર-પાંચ વાર ખાવા જોઈએ, તે નિર્જળ ઉપવાસ કરે. કેવો સત્‌યુગ કહેવાય !’

ખાસ કરીને હરિજયંતી-એકાદશી ને રામનવમી- જન્માષ્ટમી આદિક મોટા ઉત્સવોના દિવસે તો યોગીજી મહારાજ

અગાઉથી ઉપવાસ માટે નોંધ કરાવે. દરેક યુવક સ્વેચ્છાથી પોતાનું નામ નોંધાવે. ઘણી વાર તો આ સંખ્યા સોનો આંકડો પણ વટાવી જાય. સ્વામીશ્રી ઉપવાસી યુવકોને ખૂબ આશીર્વાદ આપે. એમના પ્રેરણા-બળથી કોઈને ઉપવાસનો શ્રમ જણાય નહીં. યોગીજી મહારાજ સૌને પ્રેમથી પારણાં કરાવે.

પોતાનો જન્મજયંતી ઉત્સવ હોય ત્યારે પણ સ્વામીશ્રી સૌ યુવકોને એ જ આજ્ઞા કરે, 'તમે ઉપવાસ કરો તો હું રાજી થઉં.' ને સેંકડો યુવકો હોંશે હોંશે ઉપવાસ કરે. શ્રાવણ માસ, પુરુષોત્તમ માસ આદિક શુભ દિવસોમાં સંતોની સાથે કેટલાય યુવકો અને બાળકો પણ યોગીજી મહારાજ પાસે ધારણાં-પારણાં આદિક વ્રતો હોંશથી માગીને લે છે.

સ્વામીશ્રીને મન ઉપવાસનું કેટલું મહત્ત્વ છે એનો એક અવિસ્મરણીય પ્રસંગ અહીં ખાસ નોંધ માંગી લે છે. યોગીજી મહારાજ અમદાવાદથી બોચાસણ ગુરુપૂર્ણિમાને સમૈયે પધાર્યા. ડભાણ થઈને લગભગ રાત્રે ૧૧-૩૦ વાગે બોચાસણ પહોંચ્યા, હજારો હરિભક્તો દર્શનની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી ખૂબ જ શ્રમિત હતા છતાં સભામાં બિરાજી સૌને દર્શન ને આશીર્વાદ આપ્યા પછી પોતાના ઓરડામાં પધાર્યા. લગભગ ૧૨-૦૦ વાગ્યા હશે. બધા ઊંઘથી ઘેરાતા હતા. વિદ્યાનગર છાત્રાલયના સાઠ યુવકો યોગીજી મહારાજનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સૌને મળ્યા ને આશીર્વાદ આપતાં એકાએક કહ્યું :

'કાલે બધાએ ઉપવાસ કરવાનો છે. કાલે ગુરુપૂર્ણિમા છે, નિર્જળ ઉપવાસનું બહુ ફળ.' બધાએ સહર્ષ આજ્ઞા ઝીલી લીધી. આવી ખાસ પરિસ્થિતિમાં પણ જ્યારે સ્વામીશ્રીની વિશિષ્ટતા ઝબૂકી ઊઠે છે, ત્યારે આપણું હૃદય અવાક્ બની જાય છે.

આજના પંચવિષય પ્રચૂર વાતાવરણમાં વ્રત-ઉપવાસ ને દેહદમનની ભાવના જ્યાં હાંસીપાત્ર ગણાય છે, ત્યાં યોગીજી મહારાજના વચને હજારો યુવાનો ને બાળકો નિર્જળ ઉપવાસો કરે એ વર્તમાન યુગનો એક અદ્‌ભુત ચમત્કાર છે. ભગવાન પ્રગટ છે એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં પણ કહ્યું, 'અહીં એક ઉપવાસ કરે, બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે તે બરાબર છે.'

પંચવિષય, જાતિ, સ્વભાવ અને દેહના ખંડનની વાતો તથા આત્મા-પરમાત્માના વિચારની વાતો તો સ્વામીશ્રી પાસે પ્રસંગોપાત્ત થતી જ હોય. દેહદમન ને આત્મવિચારના આ અભિનવ પ્રયોગથી, યોગીજી મહારાજે યુવાન સમાજમાં ક્રાંતિ આણી છે. ધર્મની જ્યાં છડેચોક લાજ લેવાય છે એવા સાંપ્રત સમાજમાં સ્વામીશ્રી હજારો યુવાનોમાં નીતિ ને સદાચારનું ઘડતર, મૂંગે મોઢે, નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે.

આજે વચનામૃત ગઢડા પ્રથમનું ચોત્રીશમું વંચાતું હતું. એમાં મહારાજની મૂર્તિનું વર્ણન સાંભળતાં સ્વામીશ્રીએ કહ્યું, 'મહારાજ વાત કરતી વખતે પાઘ પહેરી રાખતા, ઉતારતા નહીં.' એમ સૂક્ષ્મદર્શન સૌને કરાવ્યું. નાહતી વખતે રોજ બીજે દિવસે ઉપવાસ કરવારનું લિસ્ટ તૈયાર થાય. આજે ચોસઠ ઉપવાસીની યાદી થઈ હતી. ભરત મહેતા એમના એક પાડોશી પંજાબી ભાવિક સદ્‌ગૃહસ્થને સ્વામીશ્રીના દર્શને લઈ આવ્યો હતો. એમને આવતાંવેંત જ સ્વામીશ્રીએ ઉપવાસ કરવાની આજ્ઞા કરી. એમણે હા પાડી. પછી સહેજ કહ્યું : 'આજે મારે ઉપવાસ છે.'

'કેમ ?'

'સોમવાર છે.'

'બીજો કરી નાંખો !'

'હા.'

પોતાનું વચન અધ્ધર ઝીલનાર આ પંજાબી ભક્ત ઉપર સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા અને આશીર્વાદનો થાપો આપ્યો. 'લ્યો, બે કીલો બળ,' એમ કહી વિશેષ રાજીપો બતાવ્યો.

યુવકો સ્વામીશ્રી પાસે રમૂજમાં કિલોના માપથી બળ માંગતા. સ્વામીશ્રી એમને રાજી કરવા કિલોબંધ બળ આપતા. આધ્યાત્મિક-માનસિક બળનાં આવાં તોલમાપ સ્વામીશ્રી જેવા પુરુષ સિવાય બીજે ક્યાં જડે ? સ્વામીશ્રી યુવકોને ખૂબ લાડ લડાવતા.

લ્યો બે કિલો બળ !

'લ્યો, બે કિલો બળ.'

આ કોઈ વેપારીના શબ્દો લાગે. વજનને વેપાર સાથે જૂનો સંબંધ છે. પણ બળનો વેપાર ! આ વળી કેવો વેપાર ! કયું બળ હશે ? જે કિલોબંધ જોખીને આપી શકાતું હશે ! શારીરિક કે આધ્યાત્મિક...? શારીરિક બળ કોઈ આપી શકતું હોય, તેવું જાણવા નથી મળતું. પરંતુ આધ્યાત્મિક બળના લેવડદેવડની વાત સાંભળવા મળે છે.

ગીતામાં કહ્યું છે : સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ । (૨-૪૦) શ્રીજીમહારાજ વચનામૃતમાં આ વચનો સમજાવે છે : 'ભગવત્ સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તો પણ મોટા ભય થકી રક્ષા કરે છે.

અર્જુને ભારતી લડાઈ કરી ત્યારે તેને વિશે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્ સ્વરૂપના બળના પ્રતાપે થઈ.'

ભગવાનનું બળ કેવો ચમત્કાર સર્જી શકે છે ! વ્યવહારમાં જો ભગવાનનો સાથ મદદરૂપ બને તો ? અધ્યાત્મ માર્ગમાં તો એ વગર ડગ કેમ માંડી શકાય ?

એક સંતે કહ્યું છે કે સંત-સમાગમ ને કૃપા વગર માણસ ગમે એટલાં શાસ્ત્રો વાંચે પણ તેને સમજાવાનાં નથી અને સાધનો કરે તે ફળરૂપ નીવડવાનાં નથી.

આ આધ્યાત્મિક મર્મનો યોગીજી મહારાજ ઘણીવાર સ્થૂળ શબ્દોમાં પરિચય આપતા. વ્રત-ઉપવાસ કરાવવાનું એમને બહુ તાન. એમને સ્નાન કરાવવા સવારે બાળકો, યુવકો આવે તેમની પાસેથી તેઓ સેવાની 'ફી' લેતા. યુવકોને આ સેવાના લાભ માટે નિર્જળા ઉપવાસ કરવાનો કર ભરવો પડતો. રોજ આવનારને ત્રણ કે ચાર દિવસે ઉપવાસ મળ્યો જ હોય.

ઘણીવાર નાનાં બાળકો અથવા નવા યુવકોને ઉપવાસ કરવો કઠણ પડી જતો. પાણી પીધા વગર રહી શકતા નહીં. ખૂબ તરસ લાગે, જીવ તરફડિયાં મારે ત્યારે સ્વામીશ્રી પાસે દોડી જતા. રખે કાંઈ છૂટછાટ-રાહત મળે. પણ સ્વામીશ્રી તેમને થાપો મારી કહેતા : 'જાવ, બે કિલો બળ આપ્યું - ઉપવાસ નહીં નડે. થઈ જશે...'

ખરેખર સ્વામીશ્રીના કરસ્પર્શે, દૃષ્ટિસ્પર્શે ને વાણીસ્પર્શે સૌને ઉત્સાહનું અખૂટ બળ-આત્મબળ મળી જતું. અનેકનો આ અનુભવ છે. આત્માનું બળ અર્થાત્ ભગવાનના બળ-શક્તિનું માપ કાઢી શકાય નહીં. વિશ્વની સમગ્ર અણુભઠ્ઠીની અણુશક્તિ એકત્રિત કરવામાં આવે તેથી ભગવત્ શક્તિ અનેકગણી વધુ છે એટલું જ કહી શકાય.

અણુશક્તિની વાત કરવાનું કારણ, એક અણુમાં અગણિત ભૌતિક શક્તિ છે તો અસંખ્ય અણુના કારણ-સર્જક પરમાત્માની આધ્યાત્મિક શક્તિનું માપ ને મહિમા કેમ કહી શકાય ? આજે માણસ નિર્બળ ને નિસ્તેજ બનતો જાય છે. એનું કારણ અધ્યાત્મબળની અવગણના ને અભાવ છે. આજના કલુષિત વાતાવરણ ને વિચારના સતત આક્રમણનો એ શિકાર બન્યો છે. સમાજની પણ એ જ દશા ! ચારે બાજુ નિરાશા ને હતાશાનું પણ એ જ કારણ !

ભગવાન કે સંતના આશ્રયે જ સાચું બળ-તેજ પ્રાપ્ત થાય છે. જેની પાસે ભગવાનના બળનો અખૂટ સ્રોત હોય તે જ આવું બોલી શકે, આવો વેપાર કરી શકે. ભગવાનના ધારક સાચા સંત જ ભગવત્ શક્તિ-આત્મબળની લહાણ કરી શકે.

યોગીજી મહારાજ બહુ સહજભાવે આમ બોલી શકતા. અનુભવ કરાવી શકતા. એનાથી વિશેષ શું કહેવું ?

- સાધુ ઈશ્વરચરણદાસ